# સાચી ઉદારતા

સર્વે શિષ્યો એકાકાર થઈને સાંભળી રહ્યા છે, પૂ.ગુરુદેવ અનેક દાખલા-દલીલોથી સમજાવી રહ્યા છે કે -

પરમાત્મા સર્વવ્યાપક છે. મનુષ્ય, પશુ, પક્ષી, આકાશ, પાતાળ, સાગર અને અણુએ અણુમાં તેઓ વ્યાપીને રહ્યા છે. તેમના વિનાનો એક પરમાણુ પણ નથી. તેથી આપણે જે કાંઈ સારાં-ખોટાં કાર્યો કરીએ છીએ તેની પરમાત્માને ખબર પડી જાય છે, અને આપણને તે મુજબ સારાં-ખોટાં ફળો મળ્યે જાય છે.

ગુરુદેવે અનેક દષ્ટાંતો દ્વારા પરમાત્માની સર્વવ્યાપકતા શિષ્યોને ખૂબ સારી રીતે સમજાવી દીધી.

ગુરુદેવની પરમતત્ત્વની વ્યાપકતાની વાતો સાંભળીને સૌ ભક્તો આનંદવિભોર થતા થતા પોતાના ઘેર જવા નીકળ્યા. તેમાં એક ગુરુપ્રસાદ નામના ભક્ત પણ હતા. નામ તેવા ગુણ. ગુરુદેવની ગુરુવાણીનો ગુરુપ્રસાદ પામીને ગુરુપ્રસાદ જાણે ઝૂમવા લાગ્યા. તેમના રૂંવાડે રૂંવાડેથી જાણે ધ્વનિ નીકળતો હતો કે પરમાત્મા સર્વવ્યાપક છે, પરમાત્મા બધામાં છે, પરમાત્મા બધે જ છે. બસ, આ મસ્તીમાં ઝૂમતા ઝૂમતા ગુરુપ્રસાદ આગળ વધી રહ્યા છે, ત્યાં જ સામેથી ઘણો મોટો કોલાહલ સંભળાયો. ''પરમાત્મા બધામાં છે'' તેવા પોતાના ધ્યાનમાં આ કોલાહલ ગુરુપ્રસાદને ભંગ પાડનાર લાગ્યો. એ તો ઊંધું ઘાલીને આગળ વધી રહ્યા છે. ત્યાં આગળના ટોળામાંથી બૂમો સંભળાણી કે ''મહારાજ, આગળ ના જશો, ત્યાં ગાંડો હાથી છે.'' આ ધ્વનિને ગુરુપ્રસાદે સાંભળ્યો ન સાંભળ્યો કર્યો. ફરી ખૂબ જોરદાર અવાજ આવ્યો, બે-ચાર માણસોએ દોડીને ગુરુપ્રસાદને પકડી રાખીને સમજાવવા લાગ્યા કે '' મહારાજ, ત્યાં જશો તો ગાંડો હાથી મારી નાખશે, તેણે ઘણાંને પછાડ્યા છે.'' પણ તો ય ગુરુપ્રસાદ ઉપર કાંઈ અસર થઈ નહીં. તેઓ તો બરાડતા જ રહ્યા કે ''પરમાત્મા બધામાં છે, ગુરુજીનું કહેવું ખોટું ન હોય, હું તો જવાનો જ.'' આમ બરાડીને આંચકો મારીને બધાના હાથમાંથી છૂટીને તેઓ તો હાથી તરફની દિશામાં આગળ વધ્યા જ. તેમને આગળ વધતા જોઈને બધાનો જીવ તાળવે ચોંટ્યો. હવે શું થશે તેના ભયંકર પરિણામની આશંકાથી સૌ સમસમી રહ્યા છે. ગુરુપ્રસાદને આની સાથે કાંઈ લેવાદેવા નથી. તેઓ તો ''પરમાત્મા ગાંડા હાથીમાં પણ છે'' એમ બરાડા પાડતા આગળ વધી રહ્યા છે. ત્યાં તો સામેથી હાથી દોડ્યો. ગુરુપ્રસાદ અને ટોળું વધુ કાંઈ વિચારે ત્યાર પહેલાં તો હાથીએ ગુરુપ્રસાદને સૂંઢમાં લપેટીને એવા તો ફેંક્યા કે જઈ પડ્યા લોકોના ટોળા ઉપર. થોડી વારે કળ વળી એટલે તેઓ ઊભા થયા, અને ગુરુજીને ગાળો દેતા દેતા ગુરુઆશ્રમ તરફ રવાના થયા. જતાં જતાં બકવાસ કરતા જાય કે ''હવે ગુરુજીની ખબર લઈ નાખું, તેઓ કહેતા હતા કે પરમાત્મા બધામાં છે પણ ગાંડા હાથીમાં તો પરમાત્મા નહોતા, નહીં તો તે મને પછાડે શાનો ? ''તમાશાને તેડું નહીં. તેમની સાથે ખાસ્સું મોટું ટોળું પણ ચાલી રહ્યું

છે. ગુરુદેવ આ કોલાહલ સાંભળીને આશ્રમની બહાર આવ્યા અને પૂછવા લાગ્યા કે આ બધું શું છે ? ત્યારે ગુરુપ્રસાદ અતિ ઉગ્ર થઈને કહેવા લાગ્યા કે ''આ બધાં તમારાં પરાક્રમ! પરમાત્મા બધામાં છે તેવો તમારો ઉપદેશ માનીને હું ગાંડા હાથી પાસે ગયો. લોકોએ મને ખૂબ વાળ્યો પણ મેં કોઈનું ના માન્યું. મને તમારા ઉપદેશમાં પૂર્ણ શ્રદ્ધા હતી. પરમાત્મા જો બધાંમાં હોય તો ગાંડા હાથીમાં કેમ ન હોય? પણ જુઓ, હાથીએ મારી શી દશા કરી છે તે ! હવે હું તમારી પણ તેવી જ દશા કરું ! મને કેમ ખોટો ઉપદેશ આપ્યો ?'' લોકો તો આ તમાશો જોઈને છક થઈ ગયા કે હવે શું થશે ? ત્યાં તો સૌને શાંત કરતી ગુરુજીની શાંત વાણી સંભળાઈઃ

''દીકરા શાંત થા, મેં સાચો જ ઉપદેશ આપ્યો હતો કે પરમાત્મા બધે જ છે, હાથીમાં પણ છે જ ...'' ત્યાં તો વચ્ચેથી જ તેમની વાતને કાપી નાખીને ગુરુપ્રસાદ કહેવા લાગ્યા કે ''તો હાથીએ મને પછાડ્યો કેમ?'' સમાધાન કરતાં ગુરુજીએ કહ્યું કે ''હાથીમાંય પરમાત્મા છે અને આ લોકોમાંય તે છે. આ લોકોએ તને ત્યાં જતાં રોક્યો તોય તું ગયો. હાથીમાં રહેલા પરમાત્મા તને પોતાની પાસે બોલાવતા નહોતા અને લોકોમાં રહેલા પરમાત્મા તને હાથી પાસે જતાં રોકતા હતા; છતાંય તું આ બધામાં રહેલા પરમાત્માની અવગણના કરીને હાથી પાસે ગયો ! મેં કહેલું 'પરમાત્મા બધામાં છે' છતાંય તને આ લોકોમાં રહેલા પરમાત્મા ન દેખાયા. લોકોમાં રહેલા પરમાત્મા તને હાથી પાસે જતાં રોકતા હતા છતાંય તેં તે પરમાત્માનું ના માન્યું ! તેથી આ દુઃખ આવ્યું.'' અસ્તુ.

આપણા સૌની પણ આ જ દશા છે. ગુરુ-સંતો જે કાંઈ કહેતા હોય છે તે પૂરું સમજ્યા સિવાય જ અથવા તેનો મનગમતો અર્થ કરીને વર્તીએ છીએ અને પછી દુઃખી થઈએ છીએ.

જીવનના દરેક ક્ષેત્રને વધુમાં વધુ અવલોકીને વર્તવું જોઈએ. આપણા બચાવ માટે અન્યોની ભૂલ કાઢતાં રહીશું તો સફળ નહીં થઈ શકીએ. આપણી 'ભૂલ' આપણને 'ભૂલ' સમજાય એટલા તો આપણે કુશળ થવું જ જોઈશે. અથવા આપણે એટલા ઉદાર તો થવું જ પડશે કે જેથી આપણી 'ભૂલ' બતાવવાની હિંમત આપણા શ્રદ્ધેય કરી શકે. કદાચ બીજી બાબતમાં ઉદાર નહીં હોઈએ તો બહુ નુકસાન નહીં થાય પણ ભૂલને સુધારી-સાંભળી લેવાની ઉદારતા નહીં હોય તો ઘણી મોટી ખોટ જશે. પોતાની ભૂલો છાવરવાની આદત પડે ત્યાર પહેલાં ચેતીએ ! જેથી ભૂલોના ડુંગરો ન ખડકાય ! અસ્તુ.